જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૮/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નાસતા-ફરતાં આરોપીને હાજર થવા ફરમાન :** **સમાચાર યાદી નં.૧૪૩૫/૧૬**

અમદાવાદ શહેરનાં નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૨૨/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૪૨૦, ૪૦૬, ૧૧૪ નાં આરોપી અંકીત શૈલેષભાઇ ફડીયા (રહે.૨૦૭, સહજાનંદ કોમ્પલેક્ષ, સી.જી.રોડ, અમદાવાદ) નાનો ઉપરોક્ત ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો ફરે છે. જેનું નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબ વોરન્ટ મેળવી તેના સંભવીત ઠેકાણે તપાસ કરવા છતાં આરોપી હજુ પકડાયેલ ન હોઇ, જેથી નામદાર એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩ નાઓએ આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.૮૨ મુજબ જાહેરનામુ ફરમાવી આ આરોપીને તા.૨૨/૯/૨૦૧૬ નાંરોજ કે તે પહેલાં તપાસનીશ અધિકારી અથવા એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩ સમક્ષ હાજર થવા ફરમાવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૦૦ લીટર દેશી દારૂ અને ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૧૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૮/૧૬**

**ગુજરાત યુનિવર્સીટી : અર્ચ**નાબહેન રાજેશભાઇ પટેલ (રહે.મંગલમુર્તી એપાર્ટમેન્ટ, ટેલીફોન એક્સચેંજ સામે, નારણપુરા) એ તા.૫/૮/૧૬ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૮/૧૬ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે આંબાવાડી, સરકારી પોલીટેકનીક કોલેજ નજીકથી પોતાના પુત્ર મલહાર (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ખોખરા** : આઇરીનબહેન વીવીયન કર્લીફર્ડ પોલ (રહે.લક્ષ્મીનારાયણ સોસાયટી, ઘરડાઘર પાસે, મણીનગર) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૭/૧૬ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી ઉર્વશી (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર કે ઝાલા ચલાવે છે.

**ઇસનપુર** : **જાગૃતી**બહેન રાજુભાઇ રાવળ (ઉ.વ.૧૫) (રહે.કાંતીનગરનાં છાપરાં, વિભાગ-૨, ઇસનપુર) ને તા.૩/૮/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી હર્ષદ ઉર્ફે કાચીંડો બાબુભાઇ ચૌહાણ (રહે.રઉફની ચાલી, મંજીમીલની ચાલી પાછળ, અમરાઇવાડી) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ જાગૃતીબહેનના પિતા રાજુભાઇ રાવળે તા.૫/૮/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૯/૧૬</u>**

**ક્રાઇમબ્રાન્ચ** : પ્રવિણભાઈ પ્રહલાદભાઈ પટેલ (ઉ.વ.૫૦)(રહે. ફેઝ-૧, ગ્રીનવુડ સીટી વૈષ્ણોદેવી સર્કલ પાસે) એ તા.૫/૮/૧૬ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૧૯૯૭ થી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જયંતિભાઈ રામદાસ પટેલ (રહે,શક્તિનગર, રો-હાઉસ પરબત પાટીયા, સુરત શહેર) અને (૨) અમ્રુતભાઈ બબલદાસ પટેલ (રહે.સુરધારા બંગલોઝ, ડ્રાઇવીંગ રોડની બાજુમાં, થલતેજ) એ ભેગામળી જયંતિભાઈએ વડોદરા શહેર ખાતે આવેલ સીટી સર્વે નં.૧/અ/૨ ની અને ટીક્કા નં.૨૭/૧૫ અને ૨૭/૧૬ ની જમીન આશરે ૫૩ વીઘા જેટલી છે તેનુ પ્રથમ બાનાખત પ્રવિણભાઇને કરી તેમજ તેજ જમીનનુ બીજુ બાનાખત આરોપી નં. ૨ અમ્રુતભાઈ ને કરી, પ્રવિણભાઇ પાસેથી પૈસા પડાવવાના ઇરાદે કાવતરૂ રચી કુલ રૂપિયા ૯૩,૦૦,૦૦૦/- લઈ, પરત નહીં આપી પ્રવિણભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.પી.કરેણ, ક્રાઇમ બ્રાન્ચ નાઓ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)